# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા યુનિયન બજેટ વર્ષ ૨૦૨૫-૨૬ ને સરળ રીતે સમજવા માટે જગવિખ્યાત કરવેરા સલાહકારશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું... જેમાં બહોળી સંખ્યામાં શ્રોતાગણો ઉપસ્થિત રહયા હતા...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

કેન્દ્રના નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા જાહેર કરાયેલ યુનિયન બજેટ વર્ષ ૨૦૨૫-૨૬ અંગેની સંપુર્ણ જાણકારી વેપાર-ઉધોગકારો તથા આમપ્રજાને મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ સંસ્થાઓને સાથે રાખી જગવિખ્યાત કરવેરા સલાહકાર, પ્રખરલેખક તથા વકતાશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું તા.૦૫-૦૨-૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં શ્રોતાગણો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી. પી. વૈષ્ણવએ સૌને આવકારતા જણાવેલ કે, રાજકોટ ચેમ્બર ૭૦ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે ત્યારે વર્ષોની પ્રણાલી મુજબ કેન્દ્રીય બજેટ રજુ થયા બાદ તુરંત જ બજેટથી વેપાર-ઉધોગકારો અને આમ પ્રજાને કેટલા ફાયદાઓ અને તેની કેવી અસર રહેશે તે માટે જગવિખ્યાત કરવેરા સલાહકારશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તેમજ આ બજેટ સંદર્ભે વેપાર-ઉધોગકારોને મુંઝવતા કોઈપણ પ્રશ્નો હશે તો તેનું યોગ્ય નિરાકરણ લાવીશું. તેમજ આ વકતવ્ય કાર્યક્રમમાં હાજરી આપવા બદલ શ્રી મુકેશભાઈ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ.

ત્યાર બાદ જગવિખ્યાત કરવેરા સલાહકારશ્રી મુકેશભાઈ પટેલ દ્વારા પોતાની આગવી શૈલીમાં મુદાસર બજેટનું વિશ્લેષણ કરતા જણાવેલ કે, છેલ્લા ૪૯ વર્ષથી બજેટનું એનાલીસીસ કરતો આવ્યો છું. પરંતુ આ વખતનું બજેટ ખુબ જ સારુ કહી શકાય અને તેમજ આશરે એક લાખ કરોડ જેટલી રાહત આપવામાં આવી છે. જે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સાહસનું પ્રતિબિંબ છે. આ વખતના બજેટથી મધ્યમવર્ગને ખુબ જ ફાયદો થશે. બજેટ અંગેના મુખ્ય મુદાઓની ચર્ચા કરતા ખાસ કરીને એક સપ્તાહમાં નવું આવકવેરાબીલ રજુ થનાર છે તો તેની સંપુર્ણ માહિતી સૌને મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ એક અવરનેશ કાર્યક્રમ યોજીશું. છેલ્લા પાંચ વર્ષના આવકવેરાના આંકડાકીય માહિતી આપતા આ વખતે કોઈને પણ કલ્પના હોય તે રીતે કરદાતાઓને વર્ષ ૨૦૨૫-૨૬ના આવકવેરાના માળખામાં ૧૨ લાખથી ઓછી આવક સુધી કોઈપણ ટેક્ષ વસુલવામાં નહી આવે તે ખરેખર આવકારદાયક પગલું કહી શકાય. આમ નવા કરમાળખાની ટકાવારી મુજબ માહિતી આપી AIS સ્ટેટમેન્ટ, ફેસલેસ એસેસમેન્ટ, સીનીયર સિટીઝનો માટે કપાતની મર્યાદા, શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન, અપડેટ રીટર્ન ફાઈલ કરવા અંગે, TDS અને TCS માં થયેલ સુધારાઓ અંગે તેમજ ચેરીટેબલ ટ્રસ્ટમાં થયેલ સુધારાઓ અંગ, ઈઝ ઓફ ડુંઈગ બિઝનેશ અંગે તેમજ MSME એકમો માટે અનેક રાહતો સહિતના વિવિધ મુદાઓ પર બજેટ અંગે વિસ્તૃત છણાવટ કરેલ. ત્યારબાદ ઉપસ્થિત શ્રોતાગણો તરફથી બજેટ સંદર્ભે પુછાયેલ પ્રશ્નોના શ્રી મુકેશભાઈએ વિગતવાર જવાબો આપી જરૂરી માગદર્શન આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને શ્રોતાગણોનો આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.